સમીરાની અજાયબ ભેટ

GUJARATI & ENGLISH



Samira's Surprise

Nasreen Aktar

Gujerat
English

HACKNEY LIBRARY SERVICES

THIS BOOK MUST BE RETURNED TO THE LIBRARY ON OR BEFORE THE LAST DATE STAMPED. FINES MAY BE CHARGED IF IT IS LATE. AVOID FINES BY RENEWING THE BOOK.
(SUBJECT TO IT NOT BEING RESERVED).

PEOPLE WHO ARE OVER 60, UNDER 17 OR REGISTERED DISABLED ARE NOT CHARGED FINES. PS.6578

29 MAR 2011

સમીરાની અજાયબ ભેટ

Samira's Surprise

Written by *Nasreen Aktar*

Pictures by *Robene Dutta*
& Simon Richardson

Gujarati Translation *by Dipak Jashapara*

3840
BC: 005389103.

LONDON BOROUGH OF
HACKNEY
LIBRARY SERVICES

BEM	
LOCAT	CLA
ACC. No.	96/X222
CLASS	

MANTRA

દાદાજીની મુલાકાત
હંમેશા એક ખાસ
દિવસ બની જતો.
પરંતુ આજનો
દિવસ વધારે વિશેષ
હતો કારણકે આજે
દાદાજીનો
જન્મદિવસ હતો.

It was always a
special day when
Grandad came to
visit but today was
even more special
than usual. It was
Grandad's birthday!

“જન્મદિવસની ખુબજ વધામણી, દાદાજી!” સમીરા મલકાતી
હતી અને હસન જન્મદિવસના ગીતનો સૂર વગાડતો હતો.

“Happy Birthday, Grandad!” Samira smiled while Hassan
played a happy birthday tune.

સવારનો નાસ્તો લઈને સમીરા અને હસન પોતાના બચાવેલા પૈસા ગણવા સુવાના ઓરડામાં દોડી ગયા. તેઓની પાસે એક જ પાઉંડ હતો.

હસન વિચારમાં પડી ગયો, “આટલાં થોડા પૈસાથી દાદાજી માટે શું ભેટ ખરીદી લાવીશું?”

સમીરા બોલી, “ચાલ આપણે બજારમાં તો જઈએ. કદાચ આપણને યોગ્ય વસ્તુ મળી પણ જાય.”

After breakfast, Samira and Hassan rushed up to their bedroom to count the money they had saved. But they only had £1.

“What can we buy for Grandad with so little money?” Hassan wondered.

“Maybe we’ll find something in the market,” Samira said.

સમીરા બારી પાસે ગઈ અને બહાર જોવા લાગી. "પ્લીઝ દાદાજી, આપણે બહાર જઈએ?"

હસને ઉમેર્યું, "હા દાદાજી, ચાલો આપણે બજારમાં જઈએ."

દાદાજીએ મલકાઈને માથું હલાવ્યું.

Samira went to the window and looked outside. "Please Grandad, can we go out?" she asked.

"Yes Grandad, let's go to the market," Hassan added.

Grandad smiled and nodded his head.

બાળકોએ તેમના કોટો પહેરીને મમ્મીને આવજો તો કહ્યું. પરંતુ આટલા થોડા પૈસાથી શું ભેટ ખરીદી શકાય ખરી?

So they put on their coats and said goodbye to Ammi. But what could they buy with so little money?



તેઓએ બજારમાં ચારે બાજુએ યોગ્ય ભેટ માટે તપાસ કરી. હસન દરેક સ્ટોલ પાસે જઈને સમીરાને પૂછે છે, "દાદાજીને આ ગમશે?"

સમીરા જવાબમાં કહે, "ના."

એક ક્લાઉન તરફ આંગળી ચીંધીને દાદાજી બોલ્યા, "આ જોયું?"

હસને વિચાર્યું, "વાહ! જો આજે મારો જન્મદિવસ હોત તો, મને આ ભેટ મળત!"

At the market they looked all around for a present.

At each stall Hassan would ask, "Do you think he wants this?"

And at each stall Samira would say: "No."

"Look at this!" said Grandad and pointed to a clown.

"Wow!" thought Hassan. "I wish it was my birthday."

સમીરા અને હસન ઉદાસ થઇ ગયાં. દાદાજીને ભેટ આપવા જેવું કશુંજ દેખાતુ ન હતું. સમીરાને વિચાર આવ્યો કે જો તેઓ બાગમાં જાય તો કદાચ ત્યાં કંઇક મળી જાય.

જયારે તેઓ પુલ ઓળંગતા હતા, ત્યારે સમીરાની નજર દૂર ઊભેલા ફુગ્ગા વેચનારા ઉપર પડી, “જલ્દી ચાલ હસન, આપણે દાદાજી માટે એક ફુગ્ગો ખરીદી લાવીએ.”

Samira and Hassan were feeling very sad. They couldn’t see anything for Grandad. Then Samira had an idea. If they went to the park maybe they’d find something there.

As they crossed the bridge, Samira saw a balloon seller in the distance. “Quick Hassan, let’s buy Grandad a balloon.”

ફુગ્ગાવાળો બૂમો પાડતો હતો, “ફુગ્ગા લ્યો, ભાઇ ફુગ્ગા! એક પાઉંડનો એક ફુગ્ગો!”

સમીરાએ કહ્યું, “જન્મદિવસ મુબારક એવું લખેલ એક ફુગ્ગો આપો ને!”

હસને આ ફુગ્ગો લીધો પરંતુ સમીરા બોલી ઉઠી, “તું હજી નાનો છે...

“£1 a balloon!” shouted the balloon seller. “Come get your balloons here.”

“Please can we have one that says Happy Birthday?” asked Samira.

Hassan took the balloon but Samira told him, “You're too young.

“...તું ખોઇ નાખીશ.” એમ કહી સમીરાએ હસન પાસેથી ફુગ્ગો ખેંચવા કોશિશ કરી.

“હું ખોઇશ નહી,” હસન ફુગ્ગાને જોરથી પકડી રાખીને બોલ્યો.

“You'll just lose it!” and she tried to snatch it from him.

“I won't lose it!” said Hassan, not letting go.

સમીરાએ વધારે જોરથી ફુગ્ગો હસનના હાથમાંથી ખેંચ્યો, અને ફુગ્ગો હસનનાં હાથમાંથી છટકી ગયો.

Samira pulled harder and the balloon slipped out of Hassan's hand.

સમીરાએ ફુગ્ગો બરોબર પકડયો ન હતો, તેથી તે હાથમાંથી છૂટી ગયો. તે બીકથી જોતી રહી અને ફુગ્ગો આકાશનાં વાદળામાં ખોવાઇ ગયો.



But Samira wasn't holding it tightly enough and the balloon flew away. With horror she watched as it disappeared into the clouds.

દાદાજી સાથે બાગમાં ફરતા
ફરતા તેઓ વિચારવા
લાગ્યાં કે હવે શું કરવું? તેઓ
પાસે ન રહયાં પૈસા કે ન રહી
ભેટ!
અચાનક જ સમીરાએ કંઈક
જોયું. તેણે હસનના કાનમાં
કહ્યું, "અહીં જો હસન!"

They walked around the park with Grandad, wondering what to do. They had no money and no present.
Suddenly Samira saw something. "Look Hassan!" she whispered.

એક જૂના બેન્ડ–સ્ટેન્ડની નીચે એક ક્લાઉનનું ટોળું હાથ–ચાલાકીના ખેલો કરતું હતું. એક ક્લાઉન ઊંચી લાકડીઓને આધારે ચાલતો હોવાથી ખૂબ ઊંચો લાગતો હતો. હસન ધીમેથી બોલ્યો, “કદાચ આ લોકો આપણને મદદ કરશે.”

There under the old bandstand was a group of clowns juggling, and the tallest stiltman they had ever seen. “Maybe they can help us,” whispered Hassan.

સમીરા આ ઊંચા ક્લાઉન પાસે ગઈ અને તેણે ક્લાઉનને દાદાજીનાં જન્મદિવસ વિષે તેમજ ફુગ્ગો ખોવાઇ ગયાની વાત પણ કરી.

પછી સમીરાએ પૂછ્યું, “તમે અમને મદદ કરી શકો?”

Samira ran over to the stiltman and told him all about Grandad’s birthday and how they had lost the balloon.

“Please can you help us?” she asked.

આ ક્લાઉ ને નીચા નમીને જવાબ આપ્યો, "અમે તમને કેવી રીતે મદદ કરી શકીએ?"
સમીરા બોલી, "તમે અને તમારા ભાઈબંધો શું અમારા દાદાજી માટે ખેલ કરી શકશો? દાદાજી માટે આ સુંદર તેમજ અણ-ધારેલી ભેટ થશે."

"How can I help?" said the stiltman bending closer.
"Would you…would you and your friends juggle for my Grandad?"
Samira asked him. "Please, it would give him such a lovely surprise."

ઊંચા ક્લાઉને તેના ભાઈબંધોને બોલાવ્યા અને કહ્યું, "ચાલો, આપણે એક અજાયબી ભરેલ ભેટ કોઈકને પહોંચાડવાની છે."

સમીરા ક્લાઉનનો હાથ પકડીને રાહ જોઈને ઉભેલા દાદાજી અને હસન પાસે લઈ ગઈ.

The stiltman called to all his friends: "Come, we have a surprise to deliver."

Samira took him by the hand and led him over to where Grandad and Hassan were waiting.



દાદાજી સમીરા ઉપર ગુસ્સે થવાની તૈયારીમાંજ હતા, ત્યાંતો બધાંજ ક્લાઉનો ત્યાં આવી પહોંચ્યા. પેલા ઊંચા ક્લાઉને પૂછયું, “શું તમે સમીરાનાં દાદાજી છો?”

“હા,” દાદાજીએ જવાબ આપ્યો.

“તમને તમારા જન્મદિવસ માટે કરવામાં આવેલ ખેલમાં આમંત્રણ છે.”

ક્લાઉનોએ દાદાજી સામે ખેલો કર્યા અને ગીતો ગાયા. દાદાજી આ બધું આનંદથી જોતા જ રહ્યાં.



Grandad was about to tell Samira off when all the clowns came over. “Are you Samira’s Grandad?” asked the stiltman.

“Yes,” Grandad answered.

“Then welcome to the birthday show,” said the clown.

Grandad watched with joy as the clowns juggled and sang to him.

ખેલ પૂરો થાય તે પહેલાતો લોકોનું મોટું ટોળું જમા થઇ ગયું હતું.

તે બધાંજ દાદાજીના જન્મદિવસની વધામણીનાં ગીતો ગાવા લાગ્યાં.

પછી પેલો લાંબો ક્લાઉન બોલ્યો, “અમારી પાસે હજી એક આશ્ચયજનક વસ્તુ તમારા માટે છે.” સમીરા અને હસનને માનવામાં ન આવે એવી વાત હતી. તેમનો ખોવાયેલો ફુગ્ગો લઇને એક ક્લાઉન આગળ આવ્યો.

By the end of the show others had gathered round to see what was going on.

They all sang ‘Happy Birthday’ to Grandad.

Then the stiltman said, “Before we go, we have one more surprise for you.” Samira and Hassan could hardly believe their eyes when one of the clowns came forward holding the lost balloon!

સમીરાએ દાદાજીને ફુગ્ગો આપ્યો ત્યારે ક્લાઉન બોલ્યો, “સમીરા અને હસન તરફથી તમને આ ખાસ ભેટ છે.”

દાદાજી મલકાઈને બોલ્યા, “મારા માટે આ સહુથી સુંદર અને અજાયબી ભરેલી ભેટ છે.”

“This is a special present from Samira and Hassan to you,” said the clown as she gave Grandad the balloon.

“This is the best birthday surprise that I have ever had!” said Grandad smiling.

To all those who like happy surprises - N.A.

Text and Illustration © copyright 1996 Mantra Publishing
All Rights Reserved
Printed in Great Britain by BPC

Mantra Publishing
5 Alexandra Grove
London N12 8NU

Our thanks to Parween Akhtar & family,
Queens Park Lower School, Bedford and Daniel Sansome

Samira's Surprise is available in Dual Language:
English with Arabic, Bengali, Gujarati, Panjabi, Somali, Turkish or Urdu.

KO-330-761

15713

MANTRA

Also in the Series
Samira's Special Eid
Samira to the Rescue

Gujarati/English
ISBN 1 85269 137 9